# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને અરવલ્લી પર્વત માળા મામલે ગુજરાત સહિત ચાર રાજ્યોને નોટિસ જારી કરી**
2. **સરકારે રાજ્યની તમામ યુનિવર્સિટીઓ તથા કોલેજોમાં મેન્ટલ હેલ્થ પોલિસી લાગુ કરવાની જાહેરાત કરી**
3. **નૌકાદળનું સ્વદેશી આઇએનએસવી કૌન્ડિન્ય જહાજ પોરબંદરથી મસ્કત જવા રવાના**
4. **નવા વર્ષની સલામત ઉજવણી માટે પોલીસ ખડેપગે**
5. **મહિલા ક્રિકેટમાં , ભારત આજે અંતિમ T-20 મેચમાં શ્રીલંકા સામે ટકરાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# ARAVALLI

સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળાના પોતાના જ ચુકાદા પર સ્ટે મૂકયો. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને અરવલ્લી પર્વત માળાની સરહદી રાજ્યો રાજસ્થાન,ગુજરાત,દિલ્હી અને હરિયાણાને નોટિસ જારી કરી છે.

શનિવારે, સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યાને લગતી ચિંતાઓનો, પર્યાવરણવાદીઓ અને વિપક્ષી પક્ષો દ્વારા પર્વતીય ઇકોસિસ્ટમ પર તેની સંભવિત અસર અંગે વધતી ટીકા વચ્ચે આ નિર્ણય લીધો છે. જયારે અરવલ્લી પર્વતમાળાની નવી સૂચિત વ્યાખ્યા સામે વાંધો ઉઠાવ્યા બાદ થયો છે , જે 100-મીટર ઊંચાઈના માપદંડ પર આધારિત છે.

---

# COLLAGE GUIDELINES

વિદ્યાર્થીઓ ના વધતા આત્મહત્યાના કિસ્સાને લઈ સરકારે દિશા નિર્દેશ જાહેર કર્યા છે. શિક્ષણ વિભાગ દ્વારા વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. રાજ્યમાં તમામ યુનિવર્સિટીઓ તથા કોલેજોમાં મેન્ટલ હેલ્થ પોલિસી લાગુ કરવાની સરકારે જાહેરાત કરી છે.

વિદ્યાર્થીઓનું કોલેજો દ્વારા કાઉન્સિલિંગ કરવા પણ સૂચના આપી દેવામાં આવી છે.કોલેજ તથા યુનિવર્સિટીઓ પ્રતિ 100 વિદ્યાર્થી એક કાઉન્સિલર રાખવાની સૂચના સરકાર દ્વારા કોલેજોને અપાઇ છે.

ખાનગી કોચિંગ ઈન્સ્ટિટ્યુટમાં વિદ્યાર્થીઓને પર્ફોર્મન્સ ના આધારે અલગ રાખવાની પદ્ધતિ પર સરકારે બ્રેક મારી છે.વિગતવાર ગાઈડલાઈન સાથે તમામ યુનિવર્સિટીઓ, કોલેજ તથા ખાનગી ઈન્સ્ટિટ્યુટ ને આદેશ અપાયા છે.

---

# AHMEDABAD POLICE PRAMAN APP

અમદાવાદ પોલીસ માટે પ્રમાણ નામની એક સોફ્ટવેર એપ્લિકેશન શરૂ કરવામાં આવી રહી છે. આ એપ દ્વારા પોલીસ પોતાની હાજરી નોંધાવી શકશે.

પોલીસ રોલ કોલ અને મેનેજમેન્ટ સિસ્ટમ માટેની આ એપ અમદાવાદમાં , પોલીસ અને ટ્રાફિક કર્મચારીઓની હાજરી માટે અમલમાં મૂકવામાં આવી રહી છે.

કમિશનર જી.એસ. મલિકે કહ્યું કે , આ એપને કારણે પોલીસની તેમની ફરજ પરની હાજરી જાણી શકાશે.

**બાઇટ- જી.એસ.મલિક , પોલીસ કમિશનર અમદાવાદ**

---

# INS KAUDINYA

ભારતીય નૌકાદળનું સ્વદેશી રીતે નિર્મિત પરંપરાગત ટાંકાવાળું સઢવાળું જહાજ, ભારતીય નૌકાદળનું સૈઈલિંગ વહાણ (આઇએનએસવી) કૌન્ડિન્ય ગુજરાતનાં પોરબંદરથી ઓમાન સલ્તનતના મસ્કત સુધીની તેની પ્રથમ વિદેશી સફર પર રવાના થયું છે. આ ઐતિહાસિક અભિયાન જીવંત સમુદ્રી સફર દ્વારા તેના પ્રાચીન દરિયાઈ વારસાને પુનર્જીવિત કરવા, સમજવા અને ઉજવણી કરવાના ભારતના પ્રયાસોમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.

ભારતમાં ઓમાન સલ્તનતના રાજદૂત ઇસા સાલેહ અલ શિબાની, ભારતીય નૌકાદળના વરિષ્ઠ અધિકારીઓ અને પ્રતિષ્ઠિત મહેમાનોની હાજરીમાં, વેસ્ટર્ન

નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ, વાઇસ એડમિરલ કૃષ્ણા સ્વામિનાથન દ્વારા આ જહાજને લીલી ઝંડી અપાઈ હતી.

આઇએનએસવી કૌન્ડિન્યનું નિર્માણ પરંપરાગત ટાંકાવાળા જહાજ નિર્માણ તકનીકોનો ઉપયોગ કરીને કરાયું છે, જેમાં સદીઓ જૂની કુદરતી સામગ્રી અને પદ્ધતિઓનો ઉપયોગ કરાયો છે.

---

## SURAT MP MUKES DALAL ON TAX ACT

પહેલી જાન્યુઆરી **2026**થી ભારતમાં અમલમાં આવનારા નવા આવકવેરા નિયમો અંગે સુરતના સાંસદ મુકેશ દલાલે કહ્યું કે , લોકોને નવા નિયમોથી ઘણો ફાયદો થશે. કરદાતાઓની હેરાનગતિ ઓછી થશે , અને કરદાતાઓને વ્યવસાયમાં મળતા કર લાભો પણ સરળ અને વધુ સંગઠિત બનશે.

એકંદરે, તમામ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને વિવિધ આવકવેરા સંગઠનોને પણ નવા નિયમો હેઠળ કામ કરવાનું સરળ લાગશે.

### બાઇટ- મુકેશ દલાલ , સાંસદ, સુરત

---

## AHD POLICE 31 PREPARATION

વિદાય લેતા 2025ના વર્ષ અને આવનારા નવા વર્ષની ઉજવણી નાગરિકો કરી રહ્યાં છે. ત્યારે અમદાવાદ પોલીસ આ ઉજવણી શાંતિપૂર્ણ રીતે અને આનંદ દાયક માહોલમાં થાય તે માટે કટિબધ્ધ છે.

31 ડિસેમ્બર અનુસંધાને અમદાવાદ શહેર પોલીસે સલામત ઉજવણી માટેની તૈયારીના ભાગરૂપે નવનિર્મિત પોલીસ સંવાદ કેન્દ્રથી ઇન્ચાર્જ પોલીસ કંટ્રોલ ડીસીપી અને પી.આર.ઓ ભરત રાઠોડે લોકોને શાંતિપૂર્ણ રીતે ઉજવણી થાય તે માટે પોલીસ સજ્જ હોવાનું જણાવ્યું હતું.

## બાઇટ- ભરતકુમાર રાઠોડ,

---

## CHOTAUDEPUR FARMERS SAHAY

રાજ્ય સરકાર દ્વારા છોટા ઉદેપુરમાં કમોસમી વરસાદને લીધે થયેલા પાક નુકસાની બદલ અત્યાર સુધીમાં 65 હજારથી વધુ ખેડૂતોને 191 કરોડ 72 લાખ રૂપિયાની સહાય ચૂકવાઇ છે.

ખેડૂતો દ્વારા કુલ 74 હજાર 360 અરજીઓ સહાય માટે કરવામાં આવી હતી આ અંગે છોટા ઉદેપુરના ઈન્ચાર્જ જિલ્લા ખેતીવાડી અધિકારી કુણાલ પટેલે વધુ માહિતી આપી.

## બાઈટ – કૃણાલ પટેલ

---

## G RAM G BYTE

દેશમાં વિકસિત ભારત–રોજગાર અને આજીવિકા મિશન–ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી નવો અધિનિયમ બન્યો છે. આ કાયદા હેઠળ દર નાણાકીય

વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાઈ છે.

આ અંગે અમરેલીના શ્રમિક મહેન્દ્ર ખુમાણે પોતાની પ્રતિક્રિયા આપી હતી.

---

# SPORT

દેશમાં આજે યુવા ખેલાડીઓને પ્રતિભા દેખાડવાના નવા-નવા અવસરો મળી રહ્યા છે. સરકારની વિવિધ પહેલો દ્વારા અનેક રમતવીરોને પોતાનું કૌશલ્ય દાખવવાના અવસરો પ્રાપ્ત થઈ રહ્યા છે.

વર્ષ **2025** રમતની દૃષ્ટિએ એક યાદગાર વર્ષ રહ્યું છે. 2025માં દેશની પુરુષ ક્રિકેટ ટીમે **ICC Champions Trophy** જીતી. મહિલા ક્રિકેટ ટીમે પહેલી વાર વિશ્વ કપ પોતાના નામે કર્યો. ભારતની દીકરીઓએ **Women's Blind T20 World Cup** જીતીને ઇતિહાસ રચ્યો અને એશિયા કપ **T20**માં પણ તિરંગો શાનથી લહેરાવ્યો. પેરા એથ્લિટોએ વિશ્વ **Championship**માં અનેક ચંદ્રકો જીતીને એ સાબિત કરી દીધું કે, કોઈ બાધા સંકલ્પોને રોકી ન શકે.

---

# WOMAN'S CRICKET

મહિલા ક્રિકેટમાં , ભારત આજે કેરળના તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે પાંચમા અને અંતિમ **T20** આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ સાંજે **7** વાગ્યે શરૂ થશે.

હરમનપ્રીત કૌરની આગેવાની ભારત પહેલાથી જ **5** મેચની શ્રેણીમાં **4-0** ની અજેય લીડ સાથે આગળ છે. રવિવારે રમાયેલી છેલ્લી મેચમાં , યજમાન ભારતે **222** ના લક્ષ્યની સામે **30** રનથી વિજય મેળવ્યો હતો.

અગાઉ, શ્રેણીની પ્રથમ ત્રણ મેચમાં, ભારતે ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું છે.

---

# FOOD CHACKING AMC

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા કાંકરિયા કાર્નિવલ–**2025** દરમિયાન જાહેર આરોગ્ય સુરક્ષા અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

આ અભિયાનના ભાગરૂપે કાંકરિયા કાર્નિવલ ખાતે આવેલા ફૂડ સ્ટોલમાંથી વિવિધ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લેવામાં આવ્યા છે. આ નમૂનાઓને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ મુજબ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન , કાંકરિયા કાર્નિવલમાં આવનારા નાગરિકોને સ્વચ્છ, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખોરાક મળી રહે તે માટે પ્રતિબદ્ધ છે અને આ પ્રકારની તપાસ આગળ પણ ચાલુ રહેશે.

---

# NITI AYOG REPORT

**NITI** આયોગ દ્વારા ઉચ્ચ શિક્ષણના વૈશ્વિકીકરણ વિશેનો અહેવાલ જાહેર કરાયો છે. પાંચ વર્ષ પહેલા જ ગુજરાત સરકારે ગાંધીનગર ખાતે **GBU**ની સ્થાપના કરીને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કરેલી અનોખી પહેલની કરી પ્રસંશા છે.

ગુજરાત સરકારે ગાંધીનગર ખાતે GIFT સિટીમાં લગભગ પાંચ વર્ષ પહેલાં ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી- GBU સ્થાપીને ઉચ્ચ શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાનું કામ શરૂ કર્યું હતું. જેને NITI આયોગના તાજેતરમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં રજૂ કરાયેલા વિઝનને સાકાર કરે છે.

NITI આયોગ દ્વારા ગુજરાત સરકારની આ અનોખી પહેલની તેમના અહેવાલમાં પ્રશંસા કરવામાં આવી છે. GBUમાં એડીનબરા યુનિવર્સિટીના સહયોગથી પ્લાન્ટ બાયોટેકનોલોજી , એનિમલ બાયોટેકનોલોજી , મેડિકલ બાયોટેકનોલોજી, ઇન્ડસ્ટ્રિયલ બાયોટેકનોલોજી અને એન્વાયર્નમેન્ટલ બાયોટેક્નોલોજીમાં માસ્ટર્સની ડીગ્રી માટેના અભ્યાસક્રમો અમલી છે.

---